# વતન પરસ્તી અને તંદુરસ્તી

તારીખના વરકને ઉલટાવીશું તો એક ચીઝ આઈના જેવી સાફ નઝર આવશે કે, અપના અંબિયા, વલીઓ, દોઆત (અલૈહેમુસ્સલામ), દાઅવતે હક્કના ખિદમતગુઝારોએ હિંદુસ્તાનની સરઝમીનને વતને માદર ગરદાના પછી આપ સાહબોએ પોતાની ઝિંદગીના આખરી દૌર તક ગમે એવા હાલાતમાં, માહૌલમાં કસૌટી-ઈમ્તેહાનનો હિમ્મતથી મુકાબલો કરીને વતનપરસ્તીને નિભાવી, જાલવી અને આવનારી નસલોને એ મુજબ વસીયત કરી ગયા. સૈયદનના મોહંમદ બિન તાહેર (ક.રૂ.) અને સૈયદના જાઅફર બિન મન્સૂરિલ યમન (ક.રૂ.) ના બયાનાતને દોહરાવતા માઝૂનુદ્દાઅવત (દા.મ.) એ યૌમે આશુરા આપના બયાનમાં ફરમાવું કે, "મૌ.હુનૈદ (અ.સ.) એ હિન્દુસ્તાનની સરઝમીન પર મૌ.આદમ (અ.સ.) ને કાઈમ કીધા અને આપની દાઅવતે મુબારકાની ઈબ્તેદા આ પાકો સાફ ઝમીન પર થઈ અને તેની ઈન્તેહા પણ આ જ ઝમીન પર થાશે. મૌ.હુનૈદના નામ પરથી હિન્દુસ્તાન નામ પડું અને આ ઝમીન પર મુકીમ લોગોને **" હિન્દુ "** ના નામથી પહેચાનવામાં આવા. હમેં મૌ.હુનૈદ (અ.સ.) ની દાઅવતના મોઅતકેદીન અને મુમેનીન હોવાના રિશ્તાથી **" હિન્દુસ્તાની "** પણ છે અને **" હિન્દુ "** પણ છે." હમારા બુઝુરગાને દીન હમને એ જ હિદાયત આપે છે કે, લોગો સાથે આપસી-બાહમી મેલ-જોલથી ઝિંદગી બસર કરીને ઈઝ્ઝત અને નામવરી પૈદા કરો. વતનની મોહબ્બતનો તઅલ્લુક દિલ સાથે છે; દિલ ઈમાનનું મરકઝ છે અને વતનપરસ્તી ઈમાનનો એક હિસ્સો છે.

**"હુબ્બુલ વતન અઝ મુલ્કે સુલૈમાં બેહતર**
**ખારસ વતન અઝ સુન્બુલે રૈહાઁ ખુશતર."**

હાલ દૌરે તૈયેબીમાં સાહબે દાઅવતની નિગરાનીને માતહત એવા પ્રોગ્રામો મુમેનીનને નઝદીક વકતન ફ વકતન મુરત્તબ થાય છે જેના સબબથી મિલ્લતના હર ફર્દના સીનામાં જે મુલ્ક તરફની વફા, મોહબ્બત, કુરબાની અને જઝબએ ઉખુવત છે તેનો બરસરે આમ ઈઝહાર થાય. શમ્એ હિદાયત હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના પાકીઝા ઈરાદાઓને અમલી જામો પહેરાવવા વાસ્તે ગુઝિશ્તા યૌમે જમ્હુરીયત ૨૬ જાન્યુઆરીના સુનેહરા મૌકા પર દાઅવતની તરતીબ અને નહેજ મુજબ દાઅવતના સાહબોની હાઝરીમાં અને નિગાહબાનીમાં જમાઅતના નૌનિહાલોનું મદ્રસાહ તૈયેબીયાહના માતહત એક શાનદાર જુલૂસ નીકાલીને શહેરગશ્ત વાસ્તે ફેરવવામાં આવું હતું. વતનપરસ્તીના પૈગામના પ્લેકાર્ડ સાથે હર નૌનિહાલના ચેહરા પર માનો ખુશી, ફરહત અને સુરૂરનું સૈલાબ હતું. શફ્ફાફ-સફેદ લિબાસમાં, હાથમાં મુલ્કની વફાદારીનો નિશાન, ફિઝામાં લેહરાતા તીરંગા એ ચીઝની ગવાહી પુરતા હતા કે,

**વતનથી મોહબ્બત છે અમને તે કેવી,**
**ચઢીને કસૌટીએ પરખાઈ જાશું !**

આ મુજબનું નાદિર અને અનોખુ જુલૂસ પહેલી મરતબા શહેરની સડકો પર ગશ્ત કરતા ગૈરકૌમના ભાઈઓ અને આગેવાનોએ સાહબે દાઅવતની આ કોશિશને તાઅરીફના કલામો સાથે હોંસલા-અફઝાઈ કીધી હતી, અને મીડીયાએ પણ ખાસ નોંધ લીધી હતી. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ પોતાના પૈગામમાં મુમેનીનને વતને માદરની તરક્કી, આબાદી, ખુશહાલી અને બેહબૂદીને વાસ્તે હરપલ, હરઘડી, હરલમ્હા ખભેખભા મીલાવીને, એકી-નેકીને સાથે તમામ કૌમો સાથે ભાઈચારા, ઈખ્લાસ અને દોસ્તીની દોર મઝબૂત રાખીને હર મહાઝ પર, હર મૈદાને અમલમાં, કારોબારમાં, તિજારતમાં, હુનરમાં પૈશ-પૈશ રેહવાની દિલી ઉમ્મીદનો ઈઝહારે ખયાલ કીધો હતો.

**હમ્દે ખુદા કા મેરી ઝબાં પર સખુન રહે,**
**મેરે લબોં પે મનકબતે પંજતન રહે.**
**ભારતકા દેશ, દેશ હૈ મેરે હુઝૂર કા,**
**ઈસ દેશ મેં ખુદાયા ખુશીયો અમન રહે.**
**તૈયબ ઝિયાઉદ્દીન કી હુરમત સે અય ખુદા,**
**મહફૂઝ હર બલા સે હમારા વતન રહે.**

આપ મૌલાનો હર ઈરાદો અને કદમ જમાઅતના મુમેનીન વાસ્તે મુસ્તકબિલમાં મુફીદ અને ફાયદાકુન સાબિત થાતો હોય છે. આપના હર નૈક મન્સૂબાની ઉડાનને બલંદી અને બરતરી બખ્શવા જનાબ માઝૂનુદ્દાઅવત અને રાસુલહુદૂદ (દા.મ.) નો તઆવુન માનો સોને પે સુહાગા છે. **હાલના સેટેલાઇટ અને આઇટીના તૈઝ રફતાર ઝમાનામાં રેહની-કરની, ખાવા-પીવા, બેસવા-ઉઠવા, આવવા-જાવાની, કામ-કાજની આદતોમાં એ તરહની ગડબડી, ફેરફાર, ઉંચ-નીચ, બદનિઝામી, ઇન્સાની મિઝાજ અને તબીઅતથી ખિલાફ ફિક્રો ખયાલ નમૂદાર થઇ રહ્યા છે** જેના સબબ જિસ્માની, ઝેહની, સમાજી અને મઝહબી તંદુરસ્તી અને સેહત પર એની અસરો સાફ તૌર પર નુમાયા થાય છે. જો સહી વક્ત પર એનો ઈલાજ-મુઆલેજો કરવામાં ન આવે તો ઝિંદગી દાવ પર લાગી જાય છે. સૈયદના સાહબ (ત.ઉ.શ.) એ ઘણી ઉમદા સોચ કરીને, મુમેનીનને મર્ઝમાં અને બીમારીમાં રાહત થાય તેને વાસ્તે કોઈ ઠોસ કદમ ઉપાડવા પર રગબત આપતા, પોતાની જમાઅતના મુમેનીનને તંદુરસ્તી અને સેહતયાબી જલ્દ અઝ જલ્દ થાય તે ઈરાદાથી આપની ૭૫ મી સાલગિરાહ પર **" ફુલ મર્ઝ મેડીકલ ચેકઅપ "** રાખી અને હાલમાં **" બોન ડેન્સીટી અને ડાયાબીટીસ ચેકઅપ "** નો કેમ્પ રાખી મુમેનીનની તકલીફમાં રાહત ઈનાયત કરવા પહેલ કરવામાં આવી. સાહબે દાઅવતના આ નૈક કદમને લબ્બૈક કહીને ઘણા મુમેનીનએ આ કેમ્પના ઝરીએ ફૈઝ હાસિલ કીધો.

મુકાસિરૂદ્દાઅવત (દા.મ.) ની હિદાયતને ઝૈર આપવામાં આવેલી સલાહો અને પરહેઝીઓનો વક્ત પર અમલ કરીને, તબીઅત સાચવવા અને બરકરાર રાખવાનો હાઝેરીન મરીઝોએ કસ્દ કીધો. ઝરૂરતમંદ મુમેનીન આવા આમ પ્રોગ્રામોમાં હિસ્સો લઈને અઝહદ ફાયદો હાસિલ કરે એ સાહબે દાઅવતની તદબીર રંગ લાવી. મુમેનીન અલા કુલ્લે હાલ ફરઝ, કરઝ અને મરઝને કમ ન ગરદાનીને વક્તસર એની ઈસ્લાહ અને ખૈર વાસ્તે જો તદબીર કરતા રહેશે તો આવનાર વક્તમાં હમેં "All round - Complete Healthy Alavi Mumin" નો ખિતાબ હાસિલ કરી શકીશું. ★

**"જો કામ ભી કરના હોતા હૈ, વો વક્ત પે હો હી જાતા હૈ,**
**મૌલા કી હમારે દેખા હૈ, તદબીર નિરાલી હોતી હૈ."**